**28માંથી 23 બેઠકો પર કબજો, કોંગ્રેસને માત્ર 2 અને અપક્ષને 3 બેઠકો**

## પાદરા નગરપાલિકામાં સતત સાતમી વખત ભાજપનો વિજય

**પાદરા** નગરપાલિકામાં ભાજપની ભવ્ય જીત, ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ વિજેતાઓને વધાવ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.28

પાદરા નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ ફરી એકવાર પોતાની મજબૂત પકડ સાબિત કરતા સતત સાતમી વખત સત્તા પર વાપસી કરી છે. કુલ 28 બેઠકો ધરાવતી પાદરા નગરપાલિકામાં ભાજપે 23 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. જ્યારે કોંગ્રેસને માત્ર 2 બેઠકો અને અપક્ષ ઉમેદવારોને 3 બેઠકો મળતા રાજકીય સમીકરણો સ્પષ્ટ થયા છે.

પાદરા નગરપાલિકાની ચૂંટણી ચાર્ટ બોર્ડની કુલ 28 બેઠકો માટે યોજાઈ હતી. જેમાં વોર્ડ નંબર 6 અને 7માં ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. આ બંને વોર્ડમાંથી ભાજપના કુલ 11 ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. બાકી રહેલી 17 બેઠકો માટે 37 ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા હતા.

રવિવારે યોજાયેલા મતદાન બાદ આજે પાદરા કોલેજ ખાતે મતગણતરી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ચૂંટણી અધિકારી એશ્વર્યા દુબે તથા સ્ટાફની હાજરીમાં વહેલી સવારથી જ મતગણતરી શરૂ થઈ હતી. સૌપ્રથમ વોર્ડ નંબર 1ની મતગણતરી શરૂ



કરવામાં આવી હતી.

વોર્ડવાર પરિણામો

વોર્ડ નંબર 1 - કુલ 4 બેઠકો માટે 11 ઉમેદવારો મેદાનમાં હતા. મતગણતરી બાદ ભાજપના 2 અને કોંગ્રેસના 2 ઉમેદવારો વિજેતા જાહેર થયા.

વોર્ડ નંબર 2 - 3 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ત્રણેય ઉમેદવારો વિજયી બન્યા.

વોર્ડ નંબર 3 - 3 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ક્લીન સ્વીપ કરતાં ત્રણેય બેઠકો કબજે કરી.

વોર્ડ નંબર 4 - 3 બેઠકોમાં ભાજપના 2 ઉમેદવારો અને 1 અપક્ષ ઉમેદવાર વિજેતા બન્યા.

વોર્ડ નંબર 5 - 4 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપના 2 અને અપક્ષના 2 ઉમેદવારો જીત્યા.

આ રીતે 17 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે મજબૂત દેખાવ કર્યો હતો. અગાઉ બિનહરીફ જીતેલી બેઠકો સાથે મળીને ભાજપે કુલ 23 બેઠકો કબજે કરી અને ફરી એકવાર પાદરા નગરપાલિકામાં સત્તા જાળવી રાખી છે.

મતગણતરી દરમિયાન પાદરા કોલેજ ખાતે ઉમેદવારોના સમર્થકો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પરિણામો જાહેર થતા જ ભાજપ સમર્થકોમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. વિજયી ઉમેદવારોને ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

નગર વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પાદરા પોલીસના અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા સમગ્ર મતગણતરી કેન્દ્ર અને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

ભાજપના ઉમેદવારો વિજેતા જાહેર થતા પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા વિજેતા ઉમેદવારોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેટલાક વિસ્તારોમાં જીતની ઉજવણી સાથે વિજય રેલીઓ પણ યોજાઈ હતી.

સતત સાતમી વખત ભાજપે પાદરા નગરપાલિકામાં બહુમતી મેળવતા સ્થાનિક રાજકારણમાં ફરી એકવાર ભાજપનો પ્રભાવ મજબૂત બન્યો હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

## છોટાઉદેપુર-કદવાલ તાલુકા પંચાયતમાં ટાઈ: ભાજપ-AAP વચ્ચે કાંટેકી ટક્કર

**છોટાઉદેપુર** તાલુકા પંચાયતમાં 26માંથી 13-13 બેઠકો અને કદવાલ તાલુકા પંચાયતમાં પણ 8-8 બેઠકો સાથે સમાન પરિણામ, સત્તા રચનાને લઈને રાજકીય ઉત્કંઠા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28

છોટાઉદેપુર જિલ્લામાં તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામોએ રાજકીય ગરમાવો વધારી દીધો છે. જિલ્લાની બે મહત્વપૂર્ણ તાલુકા પંચાયતો–છોટાઉદેપુર અને કદવાલ–માં કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતાં સત્તા રચનાને લઈને ઉત્કંઠા વધી છે.

છોટાઉદેપુર તાલુકા પંચાયતની કુલ 26 બેઠકોમાં ભાજપ અને આમ આદમી પાર્ટી બંનેએ 13-13 બેઠકો જીતતા બહુમતીનો આંકડો (14 બેઠકો) કોઈપણ પક્ષ પાર કરી શક્યો નથી. પરિણામે તાલુકા પંચાયત પર સત્તા કોના હાથમાં જશે તે અંગે રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

આ જ રીતે કદવાલ તાલુકા પંચાયતમાં પણ સમાન સ્થિતિ સર્જાઈ છે. કુલ 16 બેઠકોમાંથી ભાજપ અને આમ આદમી પાર્ટીએ 8-8 બેઠકો જીતતા અહીં પણ ટાઈની સ્થિતિ ઉભી થઈ છે. બંને તાલુકા પંચાયતોમાં હવે અપક્ષ અથવા આંતરિક રાજકીય સમીકરણો સત્તા રચનામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

**5 પંચાયતોમાંથી બનેલી નગરપાલિકામાં ભાજપની 'ક્લીન સ્વીપ'**

## બોડેલી પ્રથમ ઈલેક્શનમાં ભાજપનો ભગવો લહેરાયો 28 બેઠકમાંથી 26 બેઠક પર ભાજપની ભવ્ય જીત

**યશપાલસિંહ** ગોવિંદસિંહ ઠાકોર સહિતના ઉમેદવારોની જીત થઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.28

છોટાઉદેપુર જિલ્લામાં નવરચિત નગરપાલિકા જે ઈતિહાસના પન્નામાં સૌપ્રથમ ચૂંટણીમાં લખાશે તેમાં ભાજપે ભવ્ય જીત મેળવી ભગવો લહેરાવ્યો છે 2025 માં પાંચ ગ્રામ પંચાયતોને ભેગી કરીને બોડેલી નગરપાલિકા બનાવવામાં આવી હતી 2026 માં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પ્રથમ વખત બોડેલી નગરપાલિકાની ચૂંટણી યોજાઈ



છે ત્યારે બોડેલી નગરપાલિકામાં ટોટલ સાત વોર્ડની રચના કરવામાં આવી છે જેમાં 28 બેઠકો ફાળવવામાં આવી હતી જેમાં 6 બેઠકો ભારતીય જનતા પાર્ટીને બિનહરીફ થઈ હતી 22 બેઠકો માટે આજે ચૂંટણીનું પરિણામ હોય જે 20 બેઠકોમાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો લહેરાયો છે જેને લઈ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો

ત્યારે બોડેલી નગરપાલિકાની પ્રથમ ચૂંટણી યોજાઈ હતી અને આજે પરિણામનો દિવસ હતો આજે સવારથી જ ખૂબ મોટી સંખ્યામાં દરેક પક્ષોના ઉમેદવારો હોદ્દેદારો અને બોડેલી કોલેજ ખાતે એકત્રિત થયા હતા કોલેજની બહાર ખૂબ મોટી સંખ્યામાં લોકોની ભીડ જોવા મળી હતી ત્યારે દસ વાગ્યાથી બોડેલી નગરપાલિકાના બોર્ડનું પરિણામ જાહેર કરવાનું શરૂ થયું હતું અને 12:30 વાગ્યા સુધી તમામ સાત વોર્ડના પરિણામ જાહેર થયા હતા જેમાં ભારતીય જનતા પાર્ટીના 20 ઉમેદવારો વિજેતા થયા હતા અને કોંગ્રેસનો 1 ઉમેદવાર અને આ અપક્ષ 1 ઉમેદવાર વિજેતા થયો હતો આમ ટોટલ 28 બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીએ 26 બેઠકો પર કબજો કર્યો છે અને બોડેલી નગરપાલિકા માં ભાજપનો ભગો લહેરાવ્યો છે જેને લઈ ડીજે ના તાલે કાર્યકર્તાઓ સહિત ઉમેદવારો વરઘોડો કાઢી ખુશીનો જસ્ન મનાવ્યો હતો.

**કરજણ : 4 માંથી 3 બેઠકો કબજે કરી, કોંગ્રેસ માત્ર એક બેઠક પર સમેટાઈ**

## કરજણનો કેસરીયો ગઢ: તાલુકા અને જિલ્લા પંચાયતમાં ભાજપની પ્રચંડ બહુમતી

**કરજણ** તાલુકા પંચાયતમાં ભાજપની 7 બેઠકો બિનહરીફ, કુલ 17 પર વિજય

(પ્રતિનિધિ) કરજણ, તા.28

કરજણ તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજકીય ક્ષેત્રે ભારે ઉત્સાહ જગાવ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બંનેમાં પ્રભાવશાળી પ્રદર્શન કરીને પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે. આ ચૂંટણી પરિણામો ભાજપના સંગઠનાત્મક કૌશલ્ય અને જનતાના વિશ્વાસનું પ્રતીક બની રહ્યા છે.

જિલ્લા પંચાયતની વાત કરીએ તો, કંડારી જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના રાજેન્દ્રભાઈ પાટણવાડિયાએ ભવ્ય વિજય મેળવીને પક્ષને મજબૂત શરૂઆત અપાવી. આ ઉપરાંત, મિયાગામ બેઠક પરથી નરેન્દ્રસિંહ ડાભીયાં પણ ભાજપના ઉમેદવાર તરીકે વિજયી બન્યા. કુલ ચાર જિલ્લા પંચાયત બેઠકોમાંથી, ભાજપે એક બેઠક બિનહરીફ જીતી હતી, અને બાકીની ત્રણ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં બે બેઠકો પર વિજય મેળવ્યો. આમ, જિલ્લા પંચાયતમાં ભાજપે કુલ ત્રણ બેઠકો પર કબજો જમાવ્યો, જ્યારે કોંગ્રેસને એક બેઠકથી સંતોષ માનવો પડ્યો.

તાલુકા પંચાયતની ૨૦ બેઠકો પર પણ ભાજપનો દબદબો





સ્પષ્ટપણે જોવા મળ્યો. ભાજપે ૭ તાલુકા પંચાયત બેઠકો બિનહરીફ જીતીને પોતાની મજબૂત પકડ દર્શાવી હતી. બાકીની ૧૩ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં, ભાજપે ૧૦ બેઠકો પર વિજય મેળવીને પ્રચંડ બહુમતી હાંસલ કરી. કોંગ્રેસને માત્ર ૩ બેઠકોથી સંતોષ માનવો પડ્યો.

સમગ્રતયા, કરજણ તાલુકામાં ભાજપે જિલ્લા પંચાયતની ૩ અને તાલુકા પંચાયતની ૧૭ બેઠકો પર વિજય મેળવીને કુલ ૨૦ બેઠકો પર ભગવો લહેરાવ્યો છે. આ ભવ્ય વિજય બાદ, ભાજપના વિજેતા ઉમેદવારો અને કાર્યકરોએ ડીજેના તાલે અને આતશબાજી સાથે ભવ્ય વિજય સરઘસ કાઢીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. આ પરિણામો દર્શાવે છે કે કરજણની જનતાએ ભાજપના વિકાસના એજન્ડા અને સ્થાનિક નેતૃત્વ પર પોતાનો ભરોસો મૂક્યો છે. આ વિજય ભાજપ માટે આગામી સમયમાં વધુ મજબૂતી સાથે કાર્ય કરવાની પ્રેરણા પૂરી પાડશે.

**તાલુકા પંચાયતની 18 માંથી 16 બેઠકો પર ભવ્ય જીત**

## સંખેડા તાલુકામાં ભાજપનો ભગવો લહેરાયો: 16 તાલુકા પંચાયત બેઠકો પર ભવ્ય વિજય

**સંખેડા** તાલુકા પંચાયતમાં કોંગ્રેસ માત્ર 2 બેઠકો પર સમેટાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા.28

સંખેડા તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજકીય ક્ષેત્રે ભારે ઉત્સાહ જગાવ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ત્રણ બેઠકો પર પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે. આ ચૂંટણી પરિણામો ભાજપના સંગઠનાત્મક કૌશલ્ય અને જનતાના વિશ્વાસનું પ્રતીક બની રહ્યા છે.

જિલ્લા પંચાયતની વાત કરીએ તો, સંખેડા જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના



ઉમેદવાર (૧) છાયાબેન અર્જુનભાઈ વસાવા,૯૯૨૩ (૨) રાયસીંગભાઈ લલ્લુભાઈ ભીલ,૧૦૫૪૦(૩) જશોદાબેન રાજેશભાઈ તડવી,૧૦૩૫૪૨ ભવ્ય વિજય મેળવ્યોમેળવીને પક્ષને મજબૂત શરૂઆત અપાવી. આ ઉપરાંત, મિયાગામ બેઠક પરથી નરેન્દ્રસિંહ ડાભીયાં પણ ભાજપના ઉમેદવાર તરીકે વિજયી બન્યા. કુલ ત્રણજિલ્લા પંચાયત બેઠકો, ભાજપે મેળવી.

તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માંથી ભાજપનો દબદબો સ્પષ્ટપણે જોવા મળ્યો. યોજાયેલી ચૂંટણીમાં, ભાજપે ૧૬ બેઠકો પર વિજય મેળવીને પ્રચંડ બહુમતી હાંસલ કરી. કોંગ્રેસને માત્ર ૨ બેઠકો જીતી સંતોષ માનવો પડ્યો.

સંખેડાતાલુકામાં ભાજપે જિલ્લા પંચાયતની ૩ અને તાલુકા પંચાયતની ૧૮ બેઠકોમાં માંથી ૧૬ બેઠકો બીજેપીએ મેળવી અને બે બેઠકો કોંગ્રેસે મેળવી લીધી વિજય મેળવી ભગવો લહેરાવ્યો છે. આ ભવ્ય વિજય બાદ, ભાજપ કોંગ્રેસ નાવિજેતા ઉમેદવારો અને કાર્યકરોએ ડીજેના તાલે સાથે ભવ્ય વિજય સરઘસ કાઢીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

## જેતપુરપાવીમાં ભાજપનો પ્રચંડ દબદબો : 18 માંથી 14 બેઠકો

કોંગ્રેસ અને AAPને માત્ર 2-2 બેઠકો, જિલ્લા પંચાયતની ચારેય બેઠકો પણ ભાજપના ખાતામાં

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.28

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના પરિણામો જાહેર થતાં જેતપુરપાવી તાલુકામાં રાજકીય ચિત્ર સ્પષ્ટ બન્યું છે. તાલુકા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીએ 14 બેઠકો પર પ્રચંડ જીત મેળવી સ્પષ્ટ બહુમતી સાથે સત્તા સ્થાપિત કરી છે.

જ્યારે કોંગ્રેસ પાર્ટીને 2 બેઠકો પર સફળતા મળી હતી અને આમ આદમી પાર્ટીએ પણ 2 બેઠકો જીતતા પોતાની હાજરી નોંધાવી છે. પરિણામે તાલુકા પંચાયત પર ભાજપનો દબદબો



મજબૂત બન્યો છે.

જિલ્લા પંચાયતની કુલ 4 બેઠકોમાં ભાજપે તમામ બેઠકો પર વિજય મેળવી સમગ્ર તાલુકામાં કેસરિયો લહેરાવ્યો છે, જેના કારણે ભાજપની સંગઠન શક્તિ અને મતદારોનો વિશ્વાસ ફરી એકવાર સ્પષ્ટ થયો છે.

પરિણામ જાહેર થતાં ભાજપ કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને વિજેતા ઉમેદવારોને શુભેચ્છાઓનો ધોધ રહ્યો હતો. આ પરિણામોને પગલે તાલુકામાં આગામી વિકાસકાર્યો અને સ્થાનિક રાજકીય દિશા અંગે નવી આશાઓ વ્યક્ત થઈ રહી છે.

**કોંગ્રેસ માત્ર 2 બેઠકો સુધી સીમિત, તાલુકા પંચાયત પર ભગવો લહેરાયો**

## શિનોર તાલુકા પંચાયતમાં ભાજપનો દબદબો: 16માંથી 14 બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી

**સાધલી** જિલ્લા પંચાયત બેઠક ભાજપના ખાતામાં, શિનોર બેઠક કોંગ્રેસે જીતતા મિશ્ર પરિણામ

(પ્રતિનિધિ) શિનોર, તા.28

વડોદરા જિલ્લાના શિનોર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રભાવી પ્રદર્શન કરતાં કુલ 16માંથી 14 બેઠકો પર વિજય મેળવી તાલુકા પંચાયત પર સ્પષ્ટ બહુમતી સાથે સત્તા કબજે કરી છે. કોંગ્રેસને માત્ર 2 બેઠકો મળતાં સ્થાનિક સ્તરે ભાજપનો દબદબો વધુ મજબૂત બન્યો છે.

શિનોર તાલુકા સેવાસદન



કચેરી ખાતે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે મતગણતરી પ્રક્રિયા યોજાઈ હતી. મતગણતરી દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં રાજકીય ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પરિણામ મુજબ 15 બેઠકો માટે યોજાયેલી મતગણતરીમાં ભાજપે 13 બેઠકો પર વિજય મેળવ્યો હતો, જ્યારે મોટા કરાળા અને માલસર બેઠકો કોંગ્રેસના ફાળે ગઈ હતી. અગાઉ એક બેઠક બિનહરીફ જાહેર થતાં ભાજપની કુલ બેઠકોની સંખ્યા 14 સુધી પહોંચી હતી.

જિલ્લા પંચાયતની સાધલી બેઠક પરથી ભાજપના ઉમેદવાર વિભાબેન હરિકૃષ્ણભાઈ પટેલે નોંધપાત્ર જીત મેળવી હતી, જ્યારે શિનોર જિલ્લા પંચાયત બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ભૂપેન્દ્રભાઈ પટેલ વિજેતા બન્યા હતા.

**છોટાઉદેપુર જિલ્લા પંચાયત પર ભાજપ રાજ કરશે**

## છોટાઉદેપુર જિલ્લા પંચાયતની 32 બેઠકો પરથી 19 ભાજપ અને 13 આમ આદમી પાર્ટી વિજેતા

**છોટાઉદેપુર** જિલ્લા પંચાયતની 32 બેઠકો પર મતદાન નું પરિણામ જાહેર થયું

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28

છોટાઉદેપુર જિલ્લામાં આવેલી જિલ્લા પંચાયતની 32 બેઠકો જેમાં છોટાઉદેપુર ની છોટાઉદેપુર તાલુકાની જિલ્લા પંચાયતની ચિસાડિયા બેઠક પર આમ આદમી પાર્ટીના પ્રવીણભાઈ બચુભાઈ રાઠવા 987 મતે વિજેતા થયા છે જ્યારે ધંધોડા બેઠક પર આમ આદમી પાર્ટીના રશ્મિકાબેન નંદુભાઈ રાઠવા 902 મતે વિજેતા થયા છે એ જ રીતે ડોલરીયા જિલ્લા પંચાયત બેઠક પર આમ





આદમી પાર્ટીના મીરાબેન રૂપસિંગ ભાઈ રાઠવા 107 મતે અને મોટી સઢલી જિલ્લા પંચાયત બેઠક પર સુખરામભાઈ કેતનભાઈ રાઠવા 230 મતે વિજેતા થયા છે જ્યારે ઝોઝ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના હેમાબેન જયશીહભાઈ રાઠવા 2193 મતે વિજેતા થયા અને ભાજપના ઝેર જિલ્લા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના રાજેશભાઈ વીરસિંહ રાઠવા 27 મતે વિજેતા થયા છે જ્યારે તેજગઢ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના આકાશભાઈ જયેશભાઈ ચૌહાણ બીજેપી જીત 1800થી વધુ મતથી વિજેતા થયા હતા.

જ્યારે કવાટ જિલ્લા પંચાયતની 6 બેઠકોમાં આમ આદમી પાર્ટી નો દબદબો જોવા મળ્યો હતો રૂમડીયા ભંગીયાભાઈ બચુભાઈ રાઠવા આમ આદમી પાર્ટી આથા ડુંગરી બેઠક સંજયભાઈ રતનસિંહ રાઠવા આમ આદમી પાર્ટી કનલવા બેઠક દક્ષાબેન રોહિતભાઈ કોલી આમ આદમી પાર્ટી કવાંટ બેઠક યશવંતભાઈ શાંતિલાલ ચૌહાણ આમ આદમી પાર્ટી માણકા બેઠક અનિષાબેન સુરેશભાઈ ભીલ આમ આદમી પાર્ટી સૈડીવાસણ બેઠક પર વર્ષાબેન નરસિંહભાઈ રાઠવા વિજેતા થયા હતા.

**નગરપાલિકાની 24માંથી 21 બેઠકો પર ભાજપનો ઝળહળતો વિજય**

## સાવલી તાલુકામાં ભાજપનો કેસરિયો લહેરાયો તાલુકા, જિલ્લા અને પાલિકામાં કોંગ્રેસનો પરાજય

**તાલુકા** પચાયતની 22માંથી 19 બેઠકો ભાજપના ખાતામાં, જિલ્લા પંચાયતની તમામ 5 બેઠકો પર કબજો

(પ્રતિનિધિ) સાવલી, તા.28

સાવલી તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં ભાજપે પ્રચંડ બહુમતી સાથે સર્વત્ર વિજય મેળવી તાલુકા રાજકારણમાં પોતાનો દબદબો મજબૂત કર્યો છે. તાલુકા પંચાયતની કુલ 22 બેઠકોમાંથી ભાજપે 19 બેઠકો જીતતા કોંગ્રેસ માત્ર 2 બેઠકો સુધી સીમિત રહી હતી, જ્યારે



1 બેઠક અપક્ષ ઉમેદવારના ખાતામાં ગઈ હતી. જિલ્લા પંચાયતની તમામ 5 બેઠકો પણ ભાજપે કબજે કરી હતી.

સાવલી નગરપાલિકાની કુલ 6 વોર્ડની 24 બેઠકોમાંથી ભાજપે એક બિનહરીફ સહિત કુલ 21 બેઠકો પર વિજય મેળવી કોંગ્રેસને માત્ર 3 બેઠકો સુધી સીમિત રાખી હતી. પરિણામ જાહેર થતાં ભાજપ કાર્યકરોમાં ગુલાલ ઉડાવી અને ડીજેના તાલે ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

મતગણતરી સાવલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાઈ હતી. આ દરમિયાન કોંગ્રેસના ઉમેદવાર પ્રેમીલાબેન પટેલે તાલુકા પંચાયતની મતગણતરી દરમિયાન ઈવીએમ બદલાઈ ગયાના આક્ષેપો કર્યા હતા અને દોઢ કલાક સુધી ઈવીએમ ગાયબ હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. જોકે અધિકારીઓએ તેને માનવ ભૂલ ગણાવી સ્પષ્ટતા કરતા મામલો શાંત પાડ્યો હતો. અંતે સમગ્ર મતગણતરી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી અને તાલુકાભરમાં ભાજપની જીતના વિજય સરઘસ નીકળ્યા હતા.